તા. ૨૯.૦૩.૨૦૨૫
નવગુજરાત સમય. પાના નં.૦૨



# અમદાવાદ અમદાવાદ...

• શકીલ પઠાણ



# અમદાવાદની મેટ્રોની ટ્રેન સેવાનો હવે વધુ ને વધુ લોકો લાભ ઊઠાવી રહ્યા છે

## કાપડના વેપારીઓ-બેરિંગ-મશીનના ધંધાર્થીઓ વધુ મુસાફરી કરે છે

**અમદાવાદ** મેટ્રો ટ્રેન સેવા લોકો પર ધીરે ધીરે પકડ જમાવી રહી છે. લોકો હવે તેમાં વધુ ને વધુ પ્રમાણમાં મુસાફરી કરવા લાગ્યા છે. મેટ્રો ટ્રેન હજુ તેના બીજા અને ત્રીજા ફેઝમાં ફુલફ્લેજડ શરૂ થઇ નથી પણ વાસણાથી કાલુપુર રેલવે સ્ટેશન વચ્ચે તથા થલતેજથી મોટેરા સ્ટેડિયમ સુધીની મેટ્રો વધુ કારગર નીવડી રહી છે. તેમાં પીકઅવર્સમાં ભારે ભીડ જોવા મળી રહી છે. મુંબઇની જેમ આગામી વર્ષોમાં મેટ્રો ટ્રેન શહેરની જીવાદોરી બની જાય તેમ જણાઇ રહ્યું છે. એક દિવસની મુસાફરી પરથી એવું સ્પષ્ટ જણાઇ રહ્યું છે.

સોમવારની મેટ્રો ટ્રેનની સફરમાં ઘણા પ્રવાસીઓ સાથે વાત કરી. કાલુપુર રેલવે સ્ટેશનની યાત્રામાં સંખ્યાબંધ કાપડના વેપારીઓ, કર્મચારીઓ જોવા મળ્યા હતા. જે કાલુપુરમાં આવેલી કાપડ માર્કેટમાં જતા હતા. તેમણે છેલ્લા છ મહિનાથી પોતાના વાહનો ઘરે મૂકી દીધા છે અને મેટ્રોમાં જ મુસાફરી કરે છે. આ મુસાફરી દરમિયાન માર્કેટમાં શું ચાલે છે, કઇ પેઢી ઊઠી ગઇ, બજારમાં લેવાલી કેવી છે તેવી ચર્ચા કરતા નજરે પડ્યા હતા. આ લોકો કાલુપુર ઉતરી ત્યાંથી રિક્ષા કે તેમના સ્ટાફના વાહનો દ્વારા પોતાના વેપાર-ધંધા પર જાય છે અને વળતા પણ મેટ્રોમાં જ પોતાના ઘરે પીકઅવર્સમાં 20થી 25 મિનિટમાં પહોંચી જાય છે. આમ એમને ઘરે પહોંચતા વાહનોમાં કલાકથી સવા કલાકનો સમય જાય, એટલું જ નહીં ઇંધણ પણ એટલું જ બળતું હોય છે તેના કરતા મેટ્રો બેસ્ટ હોવાનું જણાવતા હતા. અમિતભાઇ પટેલ, કે જે કાપડની ગાંસડીઓના વેપારી છે, તેમણે કહ્યું હતું કે, સિટીમાં પીક અવર્સમાં આવવું એટલે એક ટાસ્ક પૂરો કરવા જેવું છે. જ્યારથી મેટ્રો શરૂ થઇ છે અમને ઘણી રાહત થઇ ગઇ છે.

બીજા એક વેપારી અને કર્મચારીઓનું જૂથ બેરિંગ તથા મશીનરી માર્કેટનું હતું. તેમણે પોતાના ખાનગી વાહનો છોડી મેટ્રો ટ્રેનમાં જ મુસાફરી કરવાનું શરૂ કર્યું છે. આ લોકો પણ છેલ્લા ઘણા સમયથી મેટ્રો ટ્રેનમાં મુસાફરી કરી રહ્યાં છે. તેમણે મેટ્રો ટ્રેન પોતાની જીવાદોરી સમાન ગણાવી હતી. 30થી 40 મિનિટમાં પોતાના વેપાર-ધંધા સ્થળે સમયથી AC કોચમાં પહોંચી જાય છે. ક્યાંય પણ ટ્રાફિક નડતો નથી અને ફુલસ્પીડથી તેઓ પહોંચે છે. થલતેજથી આવતા મુસાફરોને એક સ્ટેશન પરથી ટ્રેન બદલવી પડે છે પણ તેમાં પણ તેમને ઘણી વાર ટ્રેનની લાંબી રાહ જોવી પડતી નથી. ઝડપથી બીજી ટ્રેન મળી જાય છે. ગાંધીનગર, એરપોર્ટ, ગિફ્ટ સિટીની મેટ્રો ટ્રેન બદલ્યા વગર મળતી થઇ જશે તે દિવસે ગાંધીનગર તરફનો ટ્રાફિક કદાચ 50 ટકા જેટલો ઘટી જશે. હાલ સિટી તરફ ફોર વ્હીલરનો ટ્રાફિક ઘણો ઘટી ગયો હોવાનું જણાય છે. તેમજ મેટ્રોના કોચ નવા હોવાથી AC સહિતની તમામ સુવિધા હાલ ખૂબ જ સારી હોવાનું

વેપારીઓ જણાવ્યું હતું. BRTSની તુલનામાં મેટ્રો ટ્રેન ખૂબ જ સારી છે અને સુરક્ષિત છે. મહિલાઓ માટે મેટ્રો ટ્રેન ઘણી સુરક્ષિત હોવાનું પોલીસ ખાતાના આંકડા પ્રમાણે જાણવા મળ્યું છે. તેમાં મહિલાઓની છેડતી, ચોરી, હુમલા વગેરેના બનાવો એકાદ બન્યા છે અને તેના માટે રાત્રિએ પણ મેટ્રો ટ્રેનમાં મહિલાઓ સુરક્ષિત હોવાનું જાણવા મળ્યું છે. BRTS બસમાં ઘણી જગ્યાએ ટ્રાફિકમાં અટવાઇ પડતી હોવાથી જે હેતુથી આ બસ સેવા શરૂ કરાઇ હતી તે હેતુ બર આવતો નથી. જો કે, કર્મચારીઓ માટે આજે પણ પીક અવર્સમાં BRTS બેસ્ટ હોવાનું જાણવા મળ્યું છે અને તે શહેરના મોટા ભાગના વિસ્તારોમાં આવરી લીધી હોવાથી કામના સ્થળે થોડુક ચાલી પહોંચી જવાય છે. મેટ્રોની સાથે BRTSને સાંકળી લેવાશે ત્યારે તેનો હેતુ બર આવશે એવું જણાય છે. મેટ્રો ટ્રેન આવે અને નીચે જ BRTS બસ એ જ ટિકિટ ઉપર નજીકના સ્થળે લઇ જશે ત્યારે તે વધુ સફળ રહેશે એમ જણાય છે. વિદેશમાં એક જ ટિકિટ ઉપર સિટી ટ્રેન તથા બસની ટિકિટની સુવિધા છે તેમ જ આખા દિવસની ટિકિટ પણ મળતી હોય છે એ જ તરાહ અહીં પણ શરૂ કરવામાં આવે તો તેનો ફાયદો શહેરીજનોને મળી શકશે.

વિદેશમાં ટિકિટ મેળવવા માટે ઘણી જગ્યાએ ATM લગાવાયા છે જે પ્રવાસીઓ માટે સુવિધારૂપ છે. અમદાવાદમાં બહારગામથી આવતા મુસાફરો માટે આવી સુવિધા ઊભી કરવામાં આવે તે સમયની માગ છે. બહારગામના મુસાફરો ઝડપથી ટિકિટ મળી જાય તેવી વ્યવસ્થા થવી જોઇએ. વિદેશમાં ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ ટચ કરવાથી મુસાફરી કરી શકાય તેવી વ્યવસ્થા ગોઠવવાથી ટિકિટ મેળવાની ઝંઝટમાંથી શહેરીજનોને મુક્તિ મળી શકે છે. વિદેશમાં બહારના દેશોના લોકોને ટિકિટના લીધી હોય તો સ્ટેશન પર ડેબિટ કે ક્રેડિટ કાર્ડ ટચ કરવાથી મુસાફરી કરવાની સુવિધા મળી રહે છે અને ડેબિટ કે ક્રેડિટ કાર્ડ ટચ કરવાથી ટિકિટના પૈસા આપોઆપ કપાઇ જાય છે અને દિવસમાં ગમે તેટલીવાર મુસાફરી કરો મેટ્રો કે સિટી બસમાં વારંવાર પૈસા કપાતા નથી. આવી સુવિધા અમદાવાદમાં પણ શરૂ કરવી જોઇએ. અમદાવાદમાં મેટ્રો અને BRTSમાં કાર્ડ સિસ્ટમ દાખલ કરાઇ પણ તેમાં કાર્ડ લેવા તમારે જવું પડે છે. પણ જો અહીં વધુ સુવિધાજનક સિસ્ટમ દાખલ કરવામાં આવે તો ઘણી રાહત થાય એમ છે. મધ્યમ અને નોકરી વર્ગ માટે AMTS બસ આજેપણ આશીર્વાદ સમાન છે. મજૂર વર્ગ માટે પણ આજે પણ AMTSની સુવિધાનો ઘણો લાભ લઇ રહ્યાં છે. શહેરના રોડ ઉપર હજુ ખાનગી વાહનોની સંખ્યા 70થી 80 ટકા છે અને તેમાં ઘટાડો કરવા માટે જાહેર પરિવહન સેવા વધુ મજબૂત બનાવવાની તાતી જરૂર છે. તો જ ખાનગી વાહનોના સંખ્યામાં ઘટાડો થશે, નહીંતર હજુ નવા વાહનો ખરીદાતા જશે અને ટ્રાફિકનો પ્રશ્ન યથાવત્ બલ્કે વકરતા રહેશે. AMTS બસોને ફિડર બસ તરીકે વધુમાં વધુ ઉપયોગ કરી શકાય તે રીતનું નેટવર્ક બનાવવું પડશે. હાલના AMTS અધિકારીઓને તો કમિશનમાં પડ્યા છે અને કેટલાક પેટા કોન્ટ્રાક્ટો તગડો નફો રળી રહ્યાં છે. નવી બસો ખરીદવામાં તેઓ મલાઇ કમાઇ જ રહ્યાં છે અને ભાડે લીધી બસોમાં પણ આવકનો હિસ્સો ફિક્સ કરી નાણાં કમાઇ રહ્યાં છે. આ બાબતથી મ્યુનિ કમિશનર વાકેફ છે. AMTSની સેવાની વધુ સુધારણા કરવામાં આવે તો બે નંબરના કરોડો રૂપિયાની બચત સંસ્થાને થઇ શકે તેમ છે.



Email: shakilpathan@gmail.com